<u>નવી બબત વર્ષ ૨૦૨૨- ૨૩</u>

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત કુલ ૧૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૪૯૬/બ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯-૦૪-૨૦૨૨.

<u>પ્રસ્તાવના :-</u>

ભારત સરકારની મનરેગા યોજના અંતર્ગત રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ કરવા પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ. ૭.૦૦ લાખ નિયત કરવામાં આવેલ છે. જે પૈકી રૂ.૫.૦૦ લાખનો ખર્ચ મનરેગા અંતર્ગત કરવાનો રહે છે. જયારે બાકીના રૂ. ૨.૦૦ લાખ પૈકી ભારત સરકારશ્રી દ્વારા રૂ. ૧.૦૦ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ. ૧.૦૦ લાખ ફાળવવાનું નિયત કરવામાં આવેલ છે. રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ કુલ ૧૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે ભારત સરકારના હિસ્સાની રૂ.૧૦૦.૦૦ લાખ તેમજ રાજય સરકારના હિસ્સાના રૂ.૧૦૦.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૨૦૦.૦૦ લાખ માટે વર્ષ ૨૦૨૨-૨૩ ની બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે જોગવાઇ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>//ઠરાવ//</u>

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત આ સાથે સામેલ પત્રક-૧ મુજબની કુલ ૧૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે આંગણવાડી દીઠ ભારત સરકારના હિસ્સાની રૂ.૧૦૦.૦૦ લાખ તેમજ રાજય સરકારના હિસ્સાના રૂ.૧૦૦.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૨૦૦.૦૦ લાખ ની વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
5. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

14. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

19. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

20. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

24. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

28. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

29. આ યોજનાનો અમલ તા.૧/૪/૨૦૨૨ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૬ (કેંદ્ર) અંતર્ગત રૂ.૧૦૦.00 લાખ

૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૭ (રાજ્ય) અંતર્ગત રૂ.૧૦૦.00 લાખ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૬/૦૪/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત  સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

(૩) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય,  ગાંધીનગર

(૪) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૮) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૪) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત  કચેરી, જિ. ..........

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૦) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૧) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૨) સિલેક્ટ ફાઇલ

# પત્રક-૧

| ક્રમ | જિલ્લાનું નામ | ઘટકનું નામ | સેજાનું નામ | આંગણવાડી કેંદ્રનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ગાધીનગર-૧ | સરગાસણ | વાવોલ |
| ૨ | ગાંધીનગર | ગાધીનગર-૧ | સરગાસણ | પોર |
| ૩ | ગાંધીનગર | ગાધીનગર-૨ | ઉવારસદ | તારાપુર-૩ |
| ૪ | ગાંધીનગર | ગાધીનગર-૨ | ઉનાવા | પીંડારડા-૨ |
| ૫ | ગાંધીનગર | દહેગામ-૧ | બહિયલ | કમાલબંધવાસણા-૧ |
| ૬ | ગાંધીનગર | દહેગામ-૧ | દેવ મુવાડા | નવાધરા |
| ૭ | ગાંધીનગર | દહેગામ-૨ | સાપાં | સામેત્રી |
| ૮ | ગાંધીનગર | દહેગામ-૨ | દહેગામ | રાજાજીની મુવાડી |
| ૯ | ગાંધીનગર | કલોલ-૧ | મોખાસણ | પલીયડ-૧૮ |
| ૧૦ | ગાંધીનગર | માણસા | સોજા | લીંબોદ્રા-૯૬ |
| ૧૧ | મહિસાગર | લુણાવાડા-૧ | મલેકપુર | વાઘજીબારિયાના મુવાડા-૧ |
| ૧૨ | મહિસાગર | લુણાવાડા-૧ | મલેકપુર | સીમલીયા |
| ૧૩ | મહિસાગર | લુનાવાડા-૨ | વરધરી | વરધરી-૨ |
| ૧૪ | મહિસાગર | લુનાવાડા-૨ | વરધરી | ઢેસિયા-૨ |
| ૧૫ | મહીસાગર | સંતરામપુર ૧ | ઉંબેર | ઉંબેર-૩ |
| ૧૬ | અરવલ્લી | માલપુર | માલપુર | માલપુર-૪ |
| ૧૭ | અરવલ્લી | માલપુર | માલપુર | ગોવિંદપુર-૧ |
| ૧૮ | અરવલ્લી | બાયડ | બાયડ | બાયડ-૧ |
| ૧૯ | અરવલ્લી | બાયડ | તેનપુર | જોધપુર |
| ૨૦ | અરવલ્લી | મેઘરજ | મેઘરજ | બી.કે.જી |
| ૨૧ | નવસારી | નવસારી | ગુરુકુલ સુપા | ભટ્ટાઇ-૨ |
| ૨૨ | નવસારી | નવસારી | મુનસાડ | ટોળી-૨ |
| ૨૩ | નવસારી | જલાલપોર ૧ | દિપલા | દાંતી - ૫ |
| ૨૪ | નવસારી | જલાલપોર ૧ | સાગરા | મહુવર ૧ |
| ૨૫ | નવસારી | ગણદેવી-૧ | આંતલિયા | આંતલિયા જી.આઇ.ડી.સી |
| ૨૬ | દાહોદ | દાહોદ-૧ | બાવકા | ગડોઈ-૩ |
| ૨૭ | દાહોદ | દાહોદ-૧ | બાવકા | બાવકા-૩ |
| ૨૮ | દાહોદ | દાહોદ-૨ | ઉચવાણીયા | ઉચવાણીયા-૧૪ |
| ૨૯ | દાહોદ | દાહોદ-૨ | ઉચવાણીયા | લીમડાબરા-૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | દાહોદ | દાહોદ-૩ | નવાગામ | નવાગામ-૫ |
| ૩૧ | વલસાડ | વલસાડ-૧ | ગોરગામ | ધનોરી-૩ ચોબરીયા |
| ૩૨ | વલસાડ | વલસાડ-૧ | ગોરગામ | ધનોરી-૧ કણબીવાડ |
| ૩૩ | વલસાડ | વલસાડ-૩ | કોંસબા | કોંસબા-૧ મારૂતીનગર |
| ૩૪ | વલસાડ | વલસાડ-૩ | કોંસબા | કોંસબા-૬ કૃષ્ણ ફ. |
| ૩૫ | વલસાડ | પારડી-૨ | પરિયા | ડુમલાવ મંદિર ફળિયા |
| ૩૬ | વડોદરા | કરજણ | મેથી | ધાવટ- 1 |
| ૩૭ | વડોદરા | કરજણ | હાડોદ | કંબોલા |
| ૩૮ | વડોદરા | પાદરા-૧ | ચાણસદ | ચાણસદ-૨ |
| ૩૯ | વડોદરા | પાદરા-૧ | ચાણસદ | શિહોર |
| ૪૦ | વડોદરા | સાવલી | વડીયા-૧ | બાળાના મુવાડા |
| ૪૧ | વડોદરા | સાવલી | વડીયા-૧ | ભગાના મુવાડા |
| ૪૨ | વડોદરા | વડોદરા ગ્રામ્ય ૨ | પોર | ફાજલપુર |
| ૪૩ | વડોદરા | વડોદરા ગ્રામ્ય ૨ | કેલનપુર-૨ | પાતરવેણી |
| ૪૪ | વડોદરા | વાઘોડિયા | અશોજ | પાચદેવલા |
| ૪૫ | વડોદરા | વાઘોડિયા | અશોજ | રાજપુરા-૨ |
| ૪૬ | અમદાવાદ | ધંધુકા | હડાળા-૨ | ખસ્તા-૨ |
| ૪૭ | અમદાવાદ | ધંધુકા | વાગડ | રંગપુર-૨ |
| ૪૮ | અમદાવાદ | ધોલેરા | ધોલેરા | ધોલેરા-૩ |
| ૪૯ | અમદાવાદ | ધોલેરા | પીપળી | બુરનપુર |
| ૫૦ | અમદાવાદ | બાવળા | બલદાણા | રુપાલ 4 |
| ૫૧ | અમદાવાદ | બાવળા | બલદાણા | દેવધોલેરા -૨ |
| ૫૨ | અમદાવાદ | સાણંદ-૨ | વિરોચનનગર | દોદર-૨ |
| ૫૩ | અમદાવાદ | સાણંદ-૨ | ઝોલાપુર | મખીયાવ-૨ |
| ૫૪ | અમદાવાદ | માંડલ | વિઠલાપુર | ડઢાણા-૪ |
| ૫૫ | અમદાવાદ | માંડલ | સીતાપુર | દાલોદ-૩ |
| ૫૬ | સુરત | માંડવી ૨ | કમલાપોર | કોસાડી -૧ |
| ૫૭ | સુરત | માંડવી ૨ | બૌધાન | વેગી ૧ |
| ૫૮ | સુરત | બારડોલી -૧ | વાંસકુઇ | વાસકુઇ-૨ |
| ૫૯ | સુરત | બારડોલી -૧ | કડોદ | ભામૈયા-૨ |
| ૬૦ | સુરત | કામરેજ | ઓરણા | જીયોર |
| ૬૧ | સુરત | કામરેજ | ઓરણા | કામરેજ-૯ |
| ૬૨ | સુરત | માંગરોળ-૧ | વેલાછા | ધામડોદ-૨ |
| ૬૩ | સુરત | માંગરોળ-૧ | કોસંબા | હથુરણ-૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૪ | સુરત | માંડવી-૧ | દઢવાડા | કાકરાપાર ૨ |
| ૬૫ | સુરત | માંડવી-૧ | દઢવાડા | બલાલતીર્થ |
| ૬૬ | રાજકોટ | જામકંડોરણા | રાયડી | અડવાળ |
| ૬૭ | રાજકોટ | જામકંડોરણા | ધોળીધાર | જામકંડોરણા-૧૩ |
| ૬૮ | રાજકોટ | ઉપલેટા | ઢાંક | વડેખણ |
| ૬૯ | રાજકોટ | ઉપલેટા | ઢાંક | વરજાંગ જાળીયા -૧ |
| ૭૦ | રાજકોટ | ગોંડલ -૧ | મોટા દળવા | વાછરા-૧ |
| ૭૧ | રાજકોટ | ગોંડલ -૧ | મોટા દળવા | પાચિયાવદર-૧ |
| ૭૨ | રાજકોટ | ગોંડલ -૨ | શિવરાજ ગઢ | વોરાકોટડા |
| ૭૩ | રાજકોટ | કોટડાસાંગાણી | નારણકા | કોટડાસાંગાણી ૩ |
| ૭૪ | રાજકોટ | કોટડાસાંગાણી | નારણકા | કોટડાસાંગાણી ૬ |
| ૭૫ | રાજકોટ | કોટડાસાંગાણી | નારણકા | અરડોઈ ૧ |
| ૭૬ | પાટણ | પાટણ ૨ (સરસ્વતી) | વામૈયા | સાણોદરડા ૨૮ |
| ૭૭ | પાટણ | સાંતલપુર | કોલીવાડા | કોલીવાડા-૩ |
| ૭૮ | પાટણ | ચાણસ્મા | પીંપળ-૧ | પીંપળ-૫૫ |
| ૭૯ | પાટણ | ચાણસ્મા | બ્રાહ્મણવાડા | મીઠીઘારીયાલ-૨૫ |
| ૮૦ | પાટણ | ચાણસ્મા | બ્રાહ્મણવાડા | મીઠીઘારીયાલ-૨૬ |
| ૮૧ | જામનગર | જામનગર ગ્રામ્ય -૧ | જામ વંથલી | મેડી-૩૭ |
| ૮૨ | જામનગર | જામનગર ગ્રામ્ય -૧ | અલીયા | મોટા થાવરિયા-૬૭ |
| ૮૩ | જામનગર | કાલાવડ | મોટા વડાળા | મોટા વડાળા -૧૨૫ |
| ૮૪ | જામનગર | લાલપુર | પીપરટોડા | ખડ ખંભાળિયા -૮૪ |
| ૮૫ | જામનગર | જામજોધપુર | ધ્રાફા | આંબરડી મેવાસા-૪૦ |
| ૮૬ | જામનગર | કાલાવડ | બેરાજા | લલોઈ-૫૭ |
| ૮૭ | જામનગર | કાલાવડ | ખરેડી-૨ | બાલંભડી-૩૨ |
| ૮૮ | જામનગર | લાલપુર | પીપરટોડા | ઝાંખર -૧૪૦ |
| ૮૯ | દેવભૂમિ દ્વારકા | દ્વારકા | ટૂંપણી | મોટા ભાવડા |
| ૯૦ | દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર-૧ | લાંબા | લાંબા-૪ |
| ૯૧ | દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર-૨ | રાણ | મ. હાબરડી |
| ૯૨ | દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા-૧ | DMJF6 | શીરૂવાડી -૨ |
| ૯૩ | દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા-૨ | બજાણા | કા. સિહણ |
| ૯૪ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ગુંદા | રાણપરડા |
| ૯૫ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ગુંદા | રેંટા કાલાવડ |
| ૯૬ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | મોરઝર | શેઢાખાઇ |
| ૯૭ | મહેસાણા | સતલાસણા | હડોલ | રંગપુર( ગઢ)-૬૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૮ | મહેસાણા | વડનગર | શાહપુર | શાહપુર(વડ) |
| ૯૯ | મહેસાણા | ખેરાલુ | ચાડા | ગોરીસણા-૧ |
| ૧૦૦ | મહેસાણા | ઊંઝા | કંથરાવી | કંથરાવી -૩ |